અપીલ અરજી નં.૯૪ તા.૧૫–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૭–૫–૧૦ ની અરજીથી ગેરકાયદેસરથી થયેલ બાંધકામને અટકાવવા તેમજ દુર કરવા માટે થયેલી કાર્યવાહી નોટીસ નં. સા.ઈ.ઝોન/૮૪૨/૮૪૩ તા.૨૯–૫–૦૯ આપ્યા પછી શું કાર્યવાહી થયેલ છે આ બાંધકામ દુર થયેલ છે કે કેમ? અને કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો તથા જવાબદાર અધિકારીઓના નામની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૪/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૭–૫–૧૦ ની અરજીથી ગેરકાયદેસરથી થયેલ બાંધકામને અટકાવવા તેમજ દુર કરવા માટે થયેલી કાર્યવાહી નોટીસ નં. સા.ઈ.ઝોન/૮૪૨/૮૪૩ તા.૨૯–૫–૦૯ આપ્યા પછી શું કાર્યવાહી થયેલ છે આ બાંધકામ દુર થયેલ છે કે કેમ? અને કાર્યવાહી ન થઈ હોય તો તેના કારણો તથા જવાબદાર અધિકારીઓના નામની માહિતી આપવા બાબતે માહિતી નિયત સમય મર્યાદામાં માહિતી કે કોઈ નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ અંગેનો પત્ર,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૫ તા.૧૭–૬–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/આ.નં.૧૧૩૦ તા. ૧–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૨૪ તા.૧–૭–૧૦ ના પત્રની નકલ તથા પત્ર પોસ્ટ કર્યા અંગે યુપીસી પુરાવાની નકલ, ઉધનાઝોન તરફથી લીંબાયતઝોનને તબદીલ કર્યા અંગેના પત્ર નંસા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૬૧ તા.૧૦–૫–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૭–૫–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે માહિતી માંગતી અરજી ઉધનાઝોનમાં કરવામાં આવેલ. જે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૬૧ તા.૧૦–૫–૧૦ થી જાહેર માહિતી અધિકારી સા.ઈ.ઝોન લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતેસા.ઈ.ઝોન/લીંબાયત ધ્વારા ગેરકાયદેસરથી બાંધકામ વિરુધ્ધ કાર્યવાહીના અનુસંધાને નોટીસ નં.સા.ઈ.ઝોન/૮૪૨–૮૪૩ તા.૨૯–૫–૦૯ ની આગળ ઉપર થયેલ કાર્યવાહી અને ન થયેલ હોય તો જવાબદાર અધિકારીના નામની માહિતી કે નિર્ણય ન મળવાથી તા.૧૫–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કરવા તથા માહિતી અપાવવા માટે અને જાહેર માહિતી અધિકારી વિરુધ્ધ પગલા ભરવાની કરજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સા.ઈ.ઝોન/ મહેકમ/૧૧૨૪ તા.૧–૭–૧૦ થી " સદર જણાવેલ બિન અધિકૃત બાંધકામને અટકાવવા આપવામાં આવેલ નોટીસ નં.સા.ઈ.ઝોન/આ.નં.૮૪૨ તા.૨૯–૫–૦૯ તેમજ સા.ઈ.ઝોન/આ.નં.૮૪૩ તા.૨૯–૫–૦૯ મુજબની નોટીસ આપ્યા બાદ ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણે કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. " તથા આ સમયે જુની. ઈજનેર તરીકે શ્રી વી કે. પરમાર ફરજ બજાવતા હતા જે જાણશો તેવું જણાવેલ છે. આમ અજદારને અપીલ તબકકે માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૫–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય માહિતી અંગે કોઈ વિશેષ કરવાનો હુકમ કરવાનો રહેતો નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક પગલા ભરવા અંગેની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),......જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસંહ એ. બ્રહમભટ્ટ,